# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## દ્વિતીય સત્ર પ્રિલિમિનરી પરીક્ષા - ૨૦૧૩-૧૪

**તા. 13-3-2014** | **પ્રશ્નપત્ર A-512** | **સમય : 9:00 થી 12.00 am**

**ગુરૂવાર** | **EDUCATIONAL EVALUATION** | **કુલ ગુણ : 70**

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

---

**1. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર આશરે 750 શબ્દોમાં આપો. (10)**

(1) મૂલ્યાંકનની વ્યાખ્યા આપી તેના સોપાનો વર્ણવો.

(2) માપન અને મૂલ્યાંકનની વ્યાખ્યા આપી બંને વચ્ચેનો ભેદ જણાવો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર આશરે 125 શબ્દોમાં આપો. (04)**

(1) માપનના પ્રકારો સમજાવો.

(2) મૂલ્યાંકનના લક્ષણોની ચર્ચા કરો.

(3) મૂલ્યાંકનનાં સિદ્ધાંતો જણાવો.

**2. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે 100 શબ્દોમાં આપો. (06)**

(1) પ્રમાણિત કસોટી એટલે શું ? તેના લક્ષણો જણાવો.

(2) ઓળખયાદીનો નમૂનો આપો.

(3) ક્રમ-માપદંડ એટલે શું ? તેના પ્રકારો જણાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર આશરે 500 શબ્દોમાં આપો. (08)**

(1) નિદાન કસોટી એટલે શું ? તેની રચનાના સોપાનો જણાવો.

(2) પ્રમાણિત કસોટીના સોપાનો જણાવો.

**3. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર આશરે 750 શબ્દોમાં આપો. (10)**

(1) વર્તમાન પરીક્ષા પદ્ધતિની મર્યાદાઓ જણાવી તેને દૂર કરવાના ઉપાયો જણાવો.

(2) ‘‘પુસ્તક સાથે પરીક્ષા’’ એટલે શું ? તેની મર્યાદા ચર્ચો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર આશરે 125 શબ્દોમાં આપો. (04)**

(1) ‘‘ઓનલાઈન પરીક્ષા’’ નોંધ લખો.

(2) CCE સમજાવો.

(3) ક્રેડિટ એટલે શું ?

**4. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે 100 શબ્દોમાં આપો. (06)**

(1) સતત આંતરિક મૂલ્યાંકનના લાભો જણાવો.

(2) ગ્રેડ એટલે શું ? ઉદાહરણ આપો.

(3) પ્રોફાઈલ એટલે શું ?

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર આશરે 500 શબ્દોમાં આપો.** **(08)**

(1) પ્રશ્નબેંકની રચનાના સોપાનો જણાવો.

(2) મૂલ્યાંકનમાં કમ્પ્યુટરની ઉપયોગિતા જણાવો.

**5. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** **(14)**

(1) કઠિનતા મૂલ્ય એટલે શું ?

(2) પ્રત્યક્ષ માપન એટલે શું ?

(3) બ્લ્યુપ્રિન્ટનું મહત્ત્વ જણાવો.

(4) નિદાન કસોટીનું મહત્ત્વ જણાવો.

(5) સામાજિકતા મિતિ એટલે શું ?

(6) ઓપન બુક એક્ઝામનું મહત્ત્વ જણાવો.

(7) કઈ કસોટીમાં સમય-મર્યાદા હોતી નથી ?

(8) આંતરિક મૂલ્યાંકનના બે લાભ જણાવો.

(9) મૂલ્યાંકન ત્રિકોણ કોણે આપ્યો હતો ?

(10) ઓનલાઈન પરીક્ષાની મર્યાદા જણાવો.

(11) ગ્રેડ સિસ્ટમની મર્યાદા જણાવો.

(12) શાળાકક્ષાએ પ્રશ્નબેંકની શરૂઆત કઈ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવી છે ?

(13) ઓળખયાદી શાનું માપન કરે છે ?

(14) કસોટીની યથાર્થતા એટલે શું ?

★ ★ ★

# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## દ્વિતીય સત્ર પ્રિલિમિનરી પરીક્ષા - ૨૦૧૩-૧૪

| | | |
|---|---|---|
| **તા.** 13-3-2014 | **પ્રશ્નપત્ર** A-510 | **સમય : 9:00 થી 12.00 am** |
| **ગુરૂવાર** | **કારકિર્દી માર્ગદર્શન અને સલાહ** | **કુલ ગુણ : 70** |

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

**1. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) કારકિર્દી માર્ગદર્શનનો અર્થ, સંકલ્પના અને મહત્ત્વ ઉદાહરણ આપી સમજાવો.

(2) શૈક્ષણિક, વ્યાવસાયિક અને વ્યકિતગત માર્ગદર્શનની જરૂરીયાત વિશે ચર્ચા કરો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) કારકિર્દી માર્ગદર્શનમાં શિક્ષકની ભૂમિકા સમજાવો.

(2) માર્ગદર્શનના હેતુઓ જણાવો.

(3) તમારી શાળાના ધોરણ-10ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન આપવા માટેના મુદ્દાઓની નોંધ કરો.

**2. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના આશરે 100 શબ્દોમાં ઉત્તર આપો. (06)**

(1) ક્રમમાપદંડના વિવિધ પ્રકાર જણાવો. તેમાંના કોઈપણ એક વિશે ટૂંકનોંધ લખો.

(2) માર્ગદર્શન કાર્યક્રમમાં શાળાની ભૂમિકા સમજાવો.

(3) માર્ગદર્શનમાં મનોવૈજ્ઞાનિક કસોટીઓની ઉપયોગીતા સમજાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) સંગૃહિત પ્રગતિપત્રકના લક્ષણો અને ઉપયોગીતા સમજાવો.

(2) અવલોકન પદ્ધતિની સંકલ્પના સમજાવો. તેના આયોજન, અમલ અને અહેવાલ લેખન વિશે ચર્ચા કરો.

**3. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) સલાહના વિવિધ અભિગમ સમજાવો.

(2) વ્યક્તિગત સલાહ અને જૂથ સલાહ વિશે ચર્ચા કરો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) સલાહ દર્શકનાં લક્ષણો જણાવો.

(2) સલાહના સિદ્ધાંતો જણાવો.

(3) સલાહની મર્યાદાઓ જણાવો.

**4. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે 100 શબ્દોમાં આપો. (06)**

(1) કારકિર્દી સંસાધન કેન્દ્રોની જરૂરિયાત સમજાવો.

(2) કારકિર્દી સંસાધન કેન્દ્રના હેતુઓ કયા કયા છે ?

(3) વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો માટે માર્ગદર્શનનું મહત્ત્વ સમજાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો.** **(08)**

(1) ગુજરાત રાજ્યની શૈક્ષણિક-વ્યાવસાયિક માર્ગદર્શન સંસ્થા વિશે હેવાલ આપો.

(2) ઉદિશા કલબ વિશે નીચેના મુદ્દાઓના સંદર્ભમાં વર્ણન કરો:

(1) અર્થ (2) જરૂરિયાત (3) હેતુઓ

**5. નીચેના પ્રશ્નોના હા અથવા ના માં ઉત્તર આપો.** **(14)**

(1) વ્યક્તિના વિકાસ માટે માર્ગદર્શન મહત્ત્વનું પરિબળ છે.

(2) માર્ગદર્શન જીવન પર્યંત જરૂરી છે.

(3) માર્ગદર્શન વિદ્યાર્થીઓની વિવિધ શકિતઓ ઓળખવામાં મદદરૂપ થઈ શકે નહીં.

(4) વ્યક્તિને સમાજમાં અનુકૂલન સાધવા માટે કારકિર્દી માર્ગદર્શન જરૂરી છે.

(5) શૈક્ષણિક માહિતી વિદ્યાર્થીને યોગ્ય અભ્યાસક્રમ પસંદ કરવા માટે ઉપયોગી છે.

(6) કોઈપણ વ્યવસાય સાથે જોડાએલા આર્થિક પાસાનો વ્યાવસાયિક માહિતીમાં સમાવેશ થાય નહીં.

(7) પોતાના વ્યવસાયમાં આગળ આવવા માટે વ્યક્તિને તેમાં રસ હોવો જરૂરી છે.

(8) સંગૃહિત પ્રગતિ પત્રક વિદ્યાર્થીના વ્યકિતત્વનો અભ્યાસ કરવા માટે અગત્યની માહિતી આપી શકે.

(9) સંગૃહિત પ્રગતિ પત્રકમાં દર્શાવેલી બધી જ માહિતી હંમેશા સત્ય ન હોઈ શકે.

(10) આત્મલક્ષીતા ક્રમ માપદંડની મર્યાદા છે.

(11) શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન સંસ્થા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરમાં આવેલી છે.

(12) ઔદ્યોગિક ભરતી મેળામાં રોજગાર માહિતી અધિકારીની ભૂમિકાનું મહત્ત્વ નથી.

(13) માર્ગદર્શન અને સલાહનો અર્થ એક જ થાય છે.

(14) સંગૃહિત પ્રગતિ પત્રકમાં વિદ્યાર્થીના સ્વાસ્થ્ય વિશેની માહિતીનો સમાવેશ થતો નથી.

★ ★ ★

# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## દ્વિતીય સત્ર પ્રિલિમિનરી પરીક્ષા - ૨૦૧૩-૧૪

**તા. 15-3-2014** — **પ્રશ્નપત્ર B-510** — **સમય : 9:00 થી 12.00 am**

**શનિવાર** — **વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન** — **કુલ ગુણ : 70**

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

---

**1. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) ભાગીદારી પેઢીનો અર્થ આપી ભાગીદારનાં પ્રકારોની સવિસ્તૃત ચર્ચા કરો અને ભાગીદારીના ફાયદા જણાવો.

(2) ગ્રાહક સુરક્ષાનો અર્થ જણાવી તેની જરૂરીયાત વર્ણવો. ગ્રાહક સુરક્ષાની પદ્ધતિઓ જણાવો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) સહકારી મંડળીનાં લક્ષણો જણાવો.

(2) ખાનગી કંપની અને જાહેર કંપનીનો તફાવત સ્પષ્ટ કરો.

(3) ધંધાની સમાજ પ્રત્યેની જવાબદારી સમજાવો.

**2. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના આશરે 100 શબ્દોમાં ઉત્તર આપો. (06)**

(1) અનુબંધ એટલે શું ? અનુબંધના પ્રકારો સમજાવો.

(2) તાસ પાઠ આયોજન અને એકમ આયોજનનો તફાવત સમજાવો.

(3) વાણિજ્ય વિષયનો આંતરિક અનુબંધ ઉદાહરણ દ્વારા સમજાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) વાણિજ્ય વ્યવસ્થા વિકાસ માટે કોઈપણ એક એકમ પસંદ કરી એકમ આયોજન તૈયાર કરો.

(2) વાણિજ્યનો અર્થશાસ્ત્ર વિષય સાથેનો અનુબંધ ઉદાહરણ સહિત સ્પષ્ટ કરો. અનુબંધનું મહત્ત્વ જણાવો.

**3. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) પ્રોજેક્ટ પદ્ધતિનો અર્થ આપી તેનાં ફાયદા અને મર્યાદા જણાવો.

(2) વાણિજ્ય વિષય શિક્ષકની શૈક્ષણિક લાયકાત, ગુણ અને વ્યવસાયિક કૌશલ્યો જણાવો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) સ્વાધ્યાય પદ્ધતિનો અર્થ જણાવી તેની મર્યાદાઓ લખો.

(2) વાણિજ્ય મંડળની પ્રવૃત્તિઓ વિશે નોંધ લખો.

(3) દૃશ્ય શ્રાવ્ય સાધનોનું વાણિજ્યમાં મહત્ત્વ સમજાવો.

**4. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે 100 શબ્દોમાં આપો. (06)**

(1) "ગ્રાહક સુરક્ષા" એકમ ઉપર આધારિત કોઈપણ એક અનાત્મલક્ષી કસોટી તૈયાર કરો.

(2) માપન અને મૂલ્યાંકનનો તફાવત જણાવો.

(3) આદર્શ પ્રશ્નપત્રની રચના સમજાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે <u>500</u> શબ્દોમાં ઉત્તર આપો.** **(08)**

(1) વાણિજ્ય શિક્ષણ માટે પાઠ્યપુસ્તકનું મહત્ત્વ સમજાવી. ધોરણ-૧૧નાં વાણિજ્ય વ્યવસ્થાનાં પાઠ્યપુસ્તકની ક્ષતિઓ જણાવો.

(2) બ્લ્યૂ પ્રિન્ટનો અર્થ જણાવો. વાણિજ્ય વિષયમાં બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાનાં મુદ્દા વિગતવાર ચર્ચો.

**5. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** **(10)**

(1) શાસક કંપનીનો અર્થ જણાવો.

(2) એકમ આયોજનનાં મહત્ત્વનાં ચાર મુદ્દા જણાવો.

(3) C.A.I. પદ્ધતિનો અર્થ જણાવો.

(4) બ્લ્યૂ પ્રિન્ટ માળખાનાં પરિમાણો જણાવો.

(5) પ્રદર્શન પદ્ધતિનાં બે ફાયદા જણાવો.

(6) વાણિજ્ય ખંડમાં જરૂરી ચાર અધ્યયન સામગ્રીના નામ જણાવો.

(7) ક્રમમાપદંડ એટલે શું ?

(8) ધંધાકીય નીતિમતા એટલે શું ?

(9) સહકારી મંડળીનો અર્થ જણાવો.

(10) વાણિજ્ય વિષય મંડળના મહત્ત્વનાં બે મુદ્દા જણાવો.

**(બ) નીચેની સંજ્ઞાઓ પૂર્ણ સ્વરૂપે લખો.** **(04)**

(1) B.H.E.L.

(2) I.C.I.C.I.

(3) I.F.F.C.O.

(4) I.M.A.

★ ★ ★

# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## દ્વિતીય સત્ર પ્રિલિમિનરી પરીક્ષા - ૨૦૧૩-૧૪

| | | |
|---|---|---|
| **તા. 18-3-2014** | **પ્રશ્નપત્ર B-511** | **સમય : 9:00 થી 12.00 am** |
| **મંગળવાર** | **નામા પદ્ધતિ** | **કુલ ગુણ : 70** |

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

**1. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) હૂંડી એટલે શું ? હૂંડીની મુદત, પાકયા તારીખ અને છૂટના દિવસો ઉદાહરણ સહિત સમજાવો. હૂંડી અને વચનચિઠ્ઠી વચ્ચેનો તફાવત જણાવો.

(2) સૂચવ્યા પ્રમાણેનાં ગુણોતરોની ગણતરી કરો.

(i) જે. આર. દવે લિમિટેડનાં ચોપડે વેચેલ માલની પડતર રૂા. 4,00,000 અને વેચાણ રૂા. 5,00,000 દર્શાવેલ છે. કાચા નફાનો ગુણોત્તર શોધો.

(ii) કે. એચ. યાદવ લિ.નાં ચોપડે દેવાદાર રૂા. 60,000 અને લેણીહૂંડી રૂા. 20,000 તથા કુલ વેચાણ રૂા. 8,03,000 દર્શાવેલ છે. રોકડ વેચાણ અને ઉધાર વેચાણનો ગુણોત્તર 1:10 છે. દેવાદાર ગુણોત્તર શોધો.

(iii) આર. એમ. પટેલ લિમિટેડનાં ચોપડે લેણદાર રૂા. 47,000 અને દેવીહૂંડી રૂા. 13,000 થી દર્શાવેલ છે. જયારે રોકડ ખરીદી અને ઉધારખરીદી ક્રમશઃ રૂા. 1,35,000 અને રૂા. 3,65,000 છે. લેણદાર ગુણોત્તર શોધો.

(iv) એસ. એલ. સોલંકી લિમિટેડનાં ચોપડે આ મુજબ માહિતી દર્શાવેલ છે.
ઈકિવટી શેરમૂડી રૂા. 10,00,000, અનામત અને વધારો રૂા. 1,20,000,
કાયમી મિલકતો રૂા. 13,60,000, ચાલુ મિલકતો રૂા. 4,40,000 તથા
અવાસ્તવિક મિલકતો રૂા. 40,000 છે. માલિકી ગુણોત્તરની ગણતરી કરો.

(v) જી. એસ. પટેલ લિમિટેડનાં ચોપડે રોકડ વેચાણ રૂા. 12,00,000, ઉધાર વેચાણ રૂા. 12,00,000, શરૂઆતનો સ્ટોક રૂા. 4,00,000 અને આખર સ્ટોક રૂા. 6,00,000 થી દર્શાવેલ છે. જો કાચાનફાનો દર રોકડ વેચાણ ઉપર 10% અને ઉધાર વેચાણ પર કાચોનફો રૂા. 2,80,000 હોય તો સ્ટોક ગુણોત્તર શોધો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) હિસાબી ગુણોત્તરોનું મહત્ત્વ સમજાવો.

(2) ભાગીદારી એટલે શું ? ભાગીદારીનાં લક્ષણો જણાવો.

(3) ઘસારાની સરખા હપ્તાની પદ્ધતિ ઉદાહરણ સહિત સમજાવો.

**2. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના આશરે 100 શબ્દોમાં ઉત્તર આપો. (06)**

(1) નામા પદ્ધતિનો ગણિત વિષય સાથે અનુબંધ ઉદાહરણ સહિત સમજાવો.

(2) નામા પદ્ધતિનાં વિષય શિક્ષક માટે એકમ આયોજનનું મહત્વ સમજાવો.

(3) નામા પદ્ધતિનો શિક્ષક રોજીંદી જીવનની પ્રવૃત્તિઓ સાથે નામાપદ્ધતિનો અનુબંધ કેવી રીતે બાંધી શકે છે ? સમજાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) અનુબંધનો અર્થ જણાવો. વિવિધ અનુબંધનાં પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો.

(2) એકમ આયોજન (યુનિટ પ્લાનિંગ) એટલે શું ? તેના સોપાનો જણાવો.

**3. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) જૂથ ચર્ચા પદ્ધતિનાં ફાયદા જણાવો. નામા પદ્ધતિ વિષયમાં જૂથ ચર્ચા પદ્ધતિનો ઉપયોગ તમે કેવી રીતે કરશો તે ઉદાહરણ સહિત સમજાવો.

(2) નામાપદ્ધતિ વિષય શિક્ષકની શૈક્ષણિક લાયકાત, તાલિમ અને વ્યવસાયિક ક્ષમતા વિશે ચર્ચા કરો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) નામા પદ્ધતિનાં અસરકારક શિક્ષણ માટે અલગ નામા પદ્ધતિ ખંડની જરૂરીયાત અને મહત્ત્વ જણાવો.

(2) નામા પદ્ધતિ મંડળ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની યાદી આપો.

(3) પ્રોજેક્ટ પદ્ધતિનાં સોપાનો જણાવો.

**4. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે 100 શબ્દોમાં આપો. (06)**

(1) નામા પદ્ધતિનાં શિક્ષક અને વિદ્યાર્થી માટે પાઠ્યપુસ્તકનું મહત્ત્વ સમજાવો.

(2) નામા પદ્ધતિનાં સંદર્ભમાં પૃથ્થકરણ-સંયોગીકરણ પદ્ધતિ સમજાવો.

(3) ધોરણ-11નાં નામા પદ્ધતિ વિષયનાં કોઈપણ એક એકમ માટે ત્રણ પ્રકારની અનાત્મલક્ષી કસોટીઓ તૈયાર કરો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) નામા વિષયનાં આદર્શ પાઠયપુસ્તકનાં લક્ષણો જણાવો તેમજ ધોરણ 12નાં નામાના મૂળતત્વ વિષયનાં પાઠયપુસ્તકનાં ગુણ-દોષ સમજાવો.

(2) બ્લ્યૂ પ્રિન્ટનું મહત્ત્વ સમજાવો. નામા પદ્ધતિ વિષયનાં કોઈપણ એક એકમ માટે 25 ગુણની એક બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરો.

**5. નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર આપો. (14)**

(1) બેન્કમાં વટાવેલી હૂંડી નકરાય ત્યારે લેણદારનાં ચોપડામાં આમનોંધ લખો.

(2) વચનચિઠ્ઠીનો અર્થ જણાવો.

(3) એકમ આયોજનમાં કેટલા તાસ હોવા જરૂરી છે ?

(4) પ્રોજેક્ટ પદ્ધતિની બે મર્યાદા જણાવો.

(5) નામા પદ્ધતિ શીખવવા માટે ઉપયોગી બે સંદર્ભ પુસ્તકોનાં નામ લખો.

(6) આદર્શ પ્રશ્નપત્રનાં બે લક્ષણો જણાવો.

(7) આદર્શ પાઠ્ય પુસ્તકનું કદ જણાવો.

(8) બ્લ્યુ પ્રિન્ટનો અર્થ જણાવો.

(9) નવા ભાગીદારનાં પ્રવેશ વખતે ઉદભવતા બે પ્રશ્નો જણાવો.

(10) ઘસારાનો અર્થ જણાવો.

(11) નામા પદ્ધતિ શીખવવા માટે ઉપયોગી ચાર દશ્ય શ્રાવ્ય સાધનોનાં નામ જણાવો.

(12) ચાલુ ગુણોત્તરનું સૂત્ર જણાવો.

(13) ભાગીદારની વ્યાખ્યા આપો.

(14) મૂલ્યાંકનનો અર્થ જણાવો.

★ ★ ★

# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## દ્વિતીય સત્ર પ્રિલિમિનરી પરીક્ષા - ૨૦૧૩-૧૪

**તા. 11-3-2014** | **પ્રશ્નપત્ર A-505** | **સમય : 9:00 થી 12.00 am**

**મંગળવાર** | **શાળા સંગઠન અને વ્યવસ્થાપન** | **કુલ ગુણ : 70**

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

**1. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) શાળાના મુખ્ય પત્રકોના નામ આપી, 'જનરલ રજિસ્ટરએ વિદ્યાર્થી માટે સૌથી મહત્ત્વનું પત્રક છે.' આ વિધાન સમજાવો.

(2) શૈક્ષણિક સંગઠનની સંકલ્પના સ્પષ્ટ કરી, શૈક્ષણિક વ્યવસ્થાપનના કાર્યો જણાવો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) શાળાના પત્રકો પૈકી ''શિક્ષકની દૈનિક નોંધપોથી'' અંગે ટૂંકનોંધ લખો.

(2) સંસ્થાકીય મુલવણી માટેનું 'SWOT' પૃથક્કરણ સમજાવો.

(3) વર્ગખંડ વ્યવસ્થાપનની સંકલ્પના સ્પષ્ટ કરો.

**2. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના આશરે 100 શબ્દોમાં ઉત્તર આપો. (06)**

(1) માધ્યમિક શિક્ષકોની નિમણૂંક માટેની ગુણાંકન પદ્ધતિ ઉદાહરણ સહિત સમજાવો.

(2) શિક્ષણ ટ્રિબ્યુનલનું કાર્યક્ષેત્ર અને સત્તાઓ ચર્ચો.

(3) શિક્ષકો માટેની હળવી અને ભારે સજાની ચર્ચા કરો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) શિક્ષક અને આચાર્યની નિમણૂંક માટેની પ્રવર્તમાન લાયકાત જણાવો.

(2) શાળા ગણવેશની સંકલ્પના સ્પષ્ટ કરી તેની અગત્ય અને શાળા ગણવેશ સંબંધી શિક્ષકની ભૂમિકા જણાવો.

**3. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) શાળાની માનવીય અને ભૌતિક જરૂરિયાતોની ચર્ચા કરો.

(2) NCERTનાં ઉદ્દેશો અને કાર્યો જણાવો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) પાઠ્યપુસ્તક મંડળના કાર્યો જણાવો.

(2) GCERT વિશે નોંધ લખો.

(3) S.S.A. એટલે શું ? તેના કાર્યો જણાવો.

**4. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે 100 શબ્દોમાં આપો. (06)**

(1) આચાર્યો માટેના સેવાકાલીન તાલીમ કાર્યક્રમો જણાવો.

(2) શિક્ષણની સમાન તક સ્પષ્ટ કરો.

(3) નવોદય વિદ્યાલય વિશે નોંધ લખો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે <u>500</u> શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) શાળા શિસ્તની સંકલ્પના સ્પષ્ટ કરો. વર્ગખંડમાં શિસ્ત જાળવવા માટેના કાર્યક્રમો ચર્ચો.

(2) માધ્યમિક શિક્ષણ ધારો સમજાવો.

**5. નીચેના પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો. (14)**

(1) હેનરી ફેઓલે વ્યવસ્થાપનનાં કેટલા સોપાનો સૂચવ્યા છે ?

(A) 7 (B) 5 (C) 4 (D) 2

(2) 'શિસ્ત' શબ્દ કઈ ભાષા પરથી ઊતરી આવ્યો છે ?

(A) જર્મન (B) લૅટિન (C) અંગ્રેજી (D) ફ્રેન્ચ

(3) ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળનું વડું મથક કયાં આવેલું છે ?

(A) વડોદરા (B) અમદાવાદ (C) ગાંધીનગર (D) એકપણ નહિ

(4) TQM એટલે શું ?

(A) Techer's Quality Management (B) Teaching, Quality, Management

(C) Total Quality Management (D) Teaching Question Management

(5) સ્ત્રી શિક્ષકને કેટલા દિવસની પ્રસુતિની રજા મંજૂર કરવામાં આવે છે ?

(A) 145 દિવસ (B) 115 દિવસ (C) 135 દિવસ (D) 125 દિવસ

(6) માધ્યમિક શિક્ષણધારો કઈ સાલમાં અમલમાં આવ્યો ?

(A) 1973 (B) 1971 (C) 1972 (D) 1974

(7) MHRDનું પુરૂં નામ જણાવો.

(A) Ministry of Human Resource Development

(B) Ministry of Human Rights Development

(C) Ministry of Human Responsibility Development

(D) ઉપરોક્ત એકપણ નહિ

(8) S.S.A.નું પુરૂં નામ જણાવો.

(A) Saraa Shikha Abhiyan (B) Saraswati Shiksha Abhyan

(C) Sarva Shiksha Abhiyan (D) ઉપરોક્ત એકપણ નહિ

(9) DIETનું પુરૂં નામ જણાવો.

(10) ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ પ્રતિ માસે કયું મેગેઝિન પ્રસિદ્ધ કરે છે ?

(11) સ્વ-નિર્ભર સંસ્થાઓ માટે ગ્રાન્ટ આપવાની હિમાયત કોણે કરી હતી ?

(12) MHRDનાં કેબિનેટ મંત્રી કોણ છે ?

(13) સંસ્થાના બજેટમાં કયા ઘટકોનો સમાવેશ થાય છે ?

(14) ગુજરાતમાં DIETની સંખ્યા કેટલી છે ?

★ ★ ★

# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## દ્વિતીય સત્ર પ્રિલિમિનરી પરીક્ષા - ૨૦૧૩-૧૪

**તા. 12-3-2014** **પ્રશ્નપત્ર A-506** **સમય : 9:00 થી 12.00 am**

**બુધવાર** **માધ્યમિક શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો** **કુલ ગુણ : 70**

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

---

**1. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જરૂરિયાત શા માટે જણાઈ ? 1992માં રામમૂર્તિ દ્વારા જણાવેલ સૂચનો જણાવો.

(2) રાષ્ટ્રીય જ્ઞાન આયોગનો (National knowledge commission) ઉદ્દેશ જણાવી તેની કાર્યપદ્ધતિ સમજાવો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સૂચિત સતત સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE) વિશે ચર્ચા કરો.

(2) નવી શિક્ષણનીતિના પ્રોગ્રામ ઓફ એકશન (POA)ની મુખ્ય ભલામણો જણાવો.

(3) રાષ્ટ્રીય જ્ઞાન આયોગ દ્વારા e-governance કઈ રીતે અમલમાં છે ?

**2. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના આશરે 100 શબ્દોમાં ઉત્તર આપો. (06)**

(1) UKમાં જોવા મળતી વિવિધ પ્રકારની શાળાઓ વર્ણવો.

(2) "ચિન્તનાત્મક વિચાર પ્રક્રિયા ગુણવત્તા સુધારણા તરફ દોરી જાય છે." તમારા મંતવ્યો જણાવો.

(3) દૈનિક નોંધપોથીની જરૂરિયાત જણાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) વર્ગવ્યવહાર દરમ્યાન તમે ચિન્તનાત્મક વિચાર કર્યો હોય તેવા બે ઉદાહરણ આપો.

(2) અમેરિકન માધ્યમિક શિક્ષણની લાક્ષણિકતા જણાવો.

**3. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) સ્કિન્ક્રોનસ લર્નિંગ અને એસ્નિક્રોનસ લર્નિંગ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી ઉદાહરણ આપો.

(2) EDUSATનો લાભ કઈ વિવિધ સંસ્થાઓ લે છે ? EDUSAT દ્વારા કેવા પ્રકારના કાર્યક્રમો પ્રસારિત થાય છે ?

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) દૂરવર્તી શિક્ષણના વિવિધ માધ્યમોની સમજ આપો.

(2) BISAG ઉચ્ચશિક્ષણમાં કઈ રીતે સક્રિય છે ?

(3) પ્રર્વતમાન શિક્ષણ પ્રવાહમાં આભાસી વર્ગખંડની મહત્તા સ્પષ્ટ કરો.

**4. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે 100 શબ્દોમાં આપો. (06)**

(1) "પ્રાર્થનાસભાએ કોઈપણ શૈક્ષણિક સંસ્થાની ઓળખ છે." તમારો મત આપો.

(2) શિક્ષણક્ષેત્રમાં તમે અનુભવેલ નવીનીકરણ વિશે લખો.

(3) સહઅભ્યાસ પ્રવૃત્તિના હેતુઓ જણાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો.** **(08)**

(1) ભાવિ શિક્ષક તરીકે સ્ટાફરૂમ માટેની આપની કલ્પના વર્ણવો.

(2) નવીનીકરણની જરૂરિયાત શા માટે ઊભી થાય છે ?

**5. (અ) નીચેના પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર આપો.** **(07)**

(1) રાષ્ટ્રીય જ્ઞાન આયોગ (NKC) દ્વારા સૂચિત જ્ઞાન પંચકોણના ઘટકો જણાવો.

(2) રાષ્ટ્રીય જ્ઞાન આયોગના સ્થાપક કોણ છે ?

(3) કોઈએક એજ્યુકેશનલ પોર્ટલનું નામ આપો.

(4) શિક્ષણના સાર્વત્રિકરણ અર્થે ભારતમાં હાલ કઈ શિક્ષણ યોજના કાર્યરત છે ?

(5) સ્ટાફરૂમમાં ન થવી જોઈએ તેવી એક પ્રવૃત્તિ લખો.

(6) UKમાં માધ્યમિક શાળા શિક્ષણ કંઈ ઉંમરે પુરૂં થાય છે ?

(7) શિક્ષક તરીકે તમારે કેવી સહશૈક્ષણિક પ્રવૃત્તિ કરાવવી જોઈએ નહિ ?

**(બ) હા / ના જણાવો.** **(07)**

(1) રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલ બાદ દેશભરમાં શિક્ષણક્ષેત્રે સમાન શૈક્ષણિક માળખું છે.

(2) શિક્ષકે હંમેશા તાસ પૂરો થયા બાદ જ ચિન્તનાત્મક વિચાર કરવો જોઈએ.

(3) આભાસી વર્ગખંડમાં શિક્ષણપ્રક્રિયા હંમેશા એકમાર્ગી હોય છે.

(4) EDUSATનો ઉપયોગ માત્ર ઉચ્ચશિક્ષણના કાર્યક્રમ પ્રસારણ માટે જ હોય છે.

(5) સ્ટાફમિત્રો સાથે વિચારવિમર્શએ ચિન્તનાત્મક વિચાર માટેની પ્રયુક્તિ છે.

(6) નવીનીકરણ જરૂરિયાત અને મહેચ્છામાંથી જન્મે છે.

(7) e-learning અને દૂરવર્તીશિક્ષણ એકજ છે.

★ ★ ★

# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## દ્વિતીય સત્ર પ્રિલિમિનરી પરીક્ષા - ૨૦૧૩-૧૪

**તા. ૧૮-૩-૨૦૧૪** **પ્રશ્નપત્ર B-507** **સમય : 9:00 થી 12.00 am**

**મંગળવાર** **વિજ્ઞાન અને ટેક્નોલોજી** **કુલ ગુણ : 70**

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

---

**1. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) સૂર્યમંડળના સૂર્ય તથા તેના પાર્થિવ ગ્રહો વિશે વિસ્તૃત વર્ણન કરો.

(2) સહસંયોજક બંધની રચના બે ઉદાહરણ આપી સ્પષ્ટ કરો. સહસંયોજક સંયોજનોના ગુણધર્મો સમજાવો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) ઉત્ક્રાંતિના બે પુરાવા ઉદાહરણ આપી સમજાવો.

(2) આલ્કોહોલનું નામકરણ સમજાવો.

(3) માનવ કાનની રચના આકૃતિ દોરી સમજાવો.

**2. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના આશરે 100 શબ્દોમાં ઉત્તર આપો. (06)**

(1) એકમ આયોજન અને દૈનિક પાઠ આયોજન વચ્ચે તફાવત સ્પષ્ટ કરો.

(2) શાળા વનસ્પતિબાગ વિશે ટૂંકનોંધ લખો.

(3) વિદ્યાર્થીઓ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરે તે માટે કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવશો ?

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) વિજ્ઞાનના કાર્યદક્ષ શિક્ષક વિશે તમારાં મંતવ્યો જણાવો.

(2) ધો-8ના વિજ્ઞાન અને ટેક્નોલોજીના પાઠ્યપુસ્તકનાં સારાં અને નબળાં લક્ષણો જણાવો. આ પાઠ્યપુસ્તકની ગુણવત્તા સુધારવા માટે તમારાં સૂચનો જણાવો.

**3. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) પ્રોજેક્ટ પદ્ધતિના સોપાન વર્ણવો. પ્રોજેક્ટ પદ્ધતિના ફાયદા જણાવો.

(2) માધ્યમિક શાળા માટે વિજ્ઞાનની કાર્યક્ષમ પ્રયોગશાળાનું વર્ણન કરો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) માધ્યમિક શાળામાં વિજ્ઞાનમંડળની જરૂરિયાત તથા તેના દ્વારા હાથ ધરી શકાય તેવી પ્રવૃત્તિઓ જણાવો.

(2) વિજ્ઞાન શિક્ષણમાં સમસ્યા ઉકેલ અભિગમના ઉપયોગ વિશે ચર્ચા કરો.

(3) વિજ્ઞાન પ્રતિભા શોધ કાર્યક્રમના હેતુઓ જણાવો.

**4. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે 100 શબ્દોમાં આપો. (06)**

(1) ડો. વિક્રમ સારાભાઈનું ભારતમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રદાન વિશે માહિતી આપો.

(2) સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની સંકલ્પના ઉદાહરણ આપી સમજાવો.

(3) આનુવંશિકતા વિશેના મેન્ડલના પ્રયોગોની સંક્ષિપ્ત સમજૂતી આપો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો.** **(08)**

(1) વિજ્ઞાનનો જુદા જુદા વિષયો સાથેનો અનુબંધ ઉદાહરણ આપી સમજાવો.

(2) ''માત્ર અનાત્મલક્ષી મૂલ્યાંકન પ્રવિધિના ઉપયોગથી વિજ્ઞાન શિક્ષણમાં સર્વગ્રાહી મૂલ્યાંકન સંભવિત નથી.'' ચર્ચા કરો.

**5. નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર આપો.** **(14)**

(1) તરંગ-વેગનું મૂલ્ય જાણવા માટે કયા કયા મૂલ્યો જાણવા જોઈએ ?

(2) અલ્ટ્રા સોનિક ધ્વનિ તરંગોના બે ઉપયોગ જણાવો.

(3) ધરતીકંપના તરંગો કેવા પ્રકારના હોય છે ?

(4) ''વનસ્પતિકોષ અને પ્રાણીકોષમાં પાણીનો સંગ્રહ હાઈડ્રોજન બંધને આભારી છે.'' આ વિધાન સાચું છે ?

(5) સોડિયમ આયનની ઈલેક્ટ્રોન રચના કેવી હોય છે ?

(6) સજીવોમાં જોવા મળતા નાઈટ્રોજન યુકત કોઈપણ બે સંયોજનોનાં નામ જણાવો.

(7) ધૂમકેતુના બંધારણમાં જોવા મળતા કોઈપણ બે વાયુઓનાં નામ આપો.

(8) ''સ્વાતિ''એ કયા અવકાશીય પદાર્થનું નામ છે ?

(9) બાષ્પોત્સર્જન અને બાષ્પીભવન વચ્ચે તફાવતનો એક મુદ્દો આપો.

(10) હર્બેરિયમના ઉપયોગથી વિજ્ઞાનમાં શાનો અભ્યાસ કરાવશો ?

(11) ટેલિફોનના શોધક વૈજ્ઞાનિકનું નામ આપો.

(12) મુંબઈ નજીક આવેલા પરમાણુ સંશોધન કેન્દ્રનું નામ કયા વૈજ્ઞાનિકના નામ ઉપરથી રાખવામાં આવ્યું છે ?

(13) મૂલ્યાંકન પ્રશ્નો શા માટે વિશિષ્ટ હેતુને ધ્યાનમાં રાખી તૈયાર કરવા જોઈએ ?

(14) બહુ વિકલ્પ પ્રકારના કસોટી પ્રશ્ન માટે જરૂરી યોગ્ય સૂચના લખો.

★ ★ ★

# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## બી.એડ્ પાર્ટ-૧; વાર્ષિક પરીક્ષા; માર્ચ-૨૦૧૪; ગુજરાત યુનિવર્સિટી

**તા. 14-3-2014** **પ્રશ્નપત્ર C-504** **સમય : 9:00 થી 11.00 am**

**શુક્રવાર** **યોગશિક્ષણ** **કુલ ગુણ : 50**

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

**પ્રશ્ન-1. નીચેના પ્રશ્નોના જવાબો ટૂંકમાં આપો.** **(10)**

(1) અષ્ટાંગ યોગનું 'પહેલું' અંગ કયું છે ?
(2) 'શ્વાસ બહાર' કાઢવાની ક્રિયાને શું કહે છે ?
(3) યોગ સાધનાના આઠ અંગો કોણે દર્શાવ્યા છે ?
(4) પ્રાણાયામનો હેતુ શો છે ?
(5) યોગવિદ્યા કઈ સંસ્કૃતિમાંથી આવેલ છે ?
(6) ભગવદ્‌ગીતામાં યોગની કઈ વ્યાખ્યા આપવામાં આવેલી છે ?
(7) 'પદ્માસન'નો એક ફાયદો લખો.
(8) કયા આસનથી શરીરનો આકાર હળ જેવો થાય છે ?
(9) 'સર્વાંગાસન'માં 'સર્વાંગ'નો અર્થ શો થાય છે ?
(10) 'અનુલોમ-વિલોમ' પ્રાણાયામનો પ્રભાવ શરીરના કયા અવયવો પર પડે છે ?

**પ્રશ્ન-2. નીચેની ખાલી જગ્યાઓ કૌંસમાં આપેલા વિકલ્પો પસંદ કરી પૂરો.** **(10)**

(1) યોગનો હેતુ ____________ છે.
(અ) આધ્યાત્મિક વિકાસ (બ) માનસિક વિકાસ (ક) શારીરિક વિકાસ (ડ) એકેય નહિ

(2) શૌચનો અર્થ ____________ થાય છે.
(અ) રંગીન (બ) અસ્વચ્છ (ક) શુદ્ધિ (ડ) ગંદુ

(3) આસનોના મુખ્ય ____________ પ્રકારો છે.
(અ) 2 (બ) 3 (ક) 5 (ડ) 7

(4) 'યમે' ____________ આદેશો આપ્યા છે.
(અ) 5 (બ) 6 (ક) 4 (ડ) 3

(5) નીચેનામાંથી આરામપ્રેરક આસન ____________ છે.
(અ) હલાસન (બ) સર્વાંગાસન (ક) શવાસન (ડ) વજ્રાસન

(6) 'સૂર્ય નમસ્કાર' ____________ મુખે કરવું જોઈએ.
(અ) ઉત્તર (બ) દક્ષિણ (ક) પૂર્વ (ડ) પશ્ચિમ

(7) 'અષ્ટાંગ યોગ'નું ચોથું પગથિયું ____________
(અ) આસન (બ) નિયમ (ક) પ્રાણાયામ (ડ) પ્રત્યાહાર

(8) 'અસ્તેય' એટલે ____________
(અ) ચોરી કરવી (બ) ચોરી ન કરવી (ક) જૂઠું બોલવું (ડ) ભેગું કરવું

(9) 'ધ્યાનના' પ્રકારો ____________ છે.
(અ) 1 (બ) 2 (ક) 3 (ડ) 4

(10) ઉંચાઈ વધારવા ____________ આસાન ઉપયોગી છે.
(અ) પદ્માસન (બ) વજ્રાસન (ક) તાડાસન (ડ) સર્વાંગાસન

**પ્રશ્ન-3. નીચે આપેલ 'અ' વિભાગના ક્રમ સામે 'બ' વિભાગના સાચા જવાબનો ક્રમ લખો. (10)**

| 'અ' | 'બ' |
|---|---|
| (1) યમ | (1) યોગ |
| (2) વજ્રાસન | (2) રૂધિર મળે |
| (3) સૂર્યનમસ્કાર | (3) 120 |
| (4) ભસ્ત્રા | (4) ધારણા |
| (5) પૂરક | (5) સંગ્રહ ન કરવો |
| (6) યુજ | (6) સ્વનિયંત્રણ |
| (7) કપાલભાતિ | (7) ભોજનબાદ |
| (8) અપરિગ્રહ | (8) ધમણ |
| (9) સર્વાંગાસન | (9) ૐ સૂર્યાય નમઃ |
| (10) અષ્ટાંગ યોગ | (10) શ્વાસ લેવો |

(1_______), (2_______), (3_______), (4_______), ( 5_______),

(6_______), (7_______), (8_______), (9_______), (10_______)

**પ્રશ્ન-4. નીચેનામાંથી કોઈપણ એકનો જવાબ આશરે 750 શબ્દોમાં આપો. (10)**

(1) અષ્ટાંગ યોગના કોઈપણ ચાર પગથિયા સમજાવો.

(2) યોગ એટલે શું ? જીવનમાં યોગનું મહત્ત્વ જણાવો.

**પ્રશ્ન-5. નીચેનામાંથી કોઈપણ બે જવાબો આશરે 150 શબ્દોમાં આપો. (10)**

(1) શવાસનના ફાયદાઓ જણાવો.

(2) કપાલભાતિ કરવાની પદ્ધતિ નોંધો.

(3) યોગાસનો માટેના ઉપયોગી સૂચનો લખો.

★ ★ ★

# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## દ્વિતીય સત્ર પ્રિલિમિનરી પરીક્ષા - ૨૦૧૩-૧૪

**તા. 19-3-2014**   **પ્રશ્નપત્ર B-505**   **સમય : 9:00 થી 12.00 am**

**બુધવાર**   **SOCIAL SCIENCE**   **કુલ ગુણ : 70**

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

---

**1. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) વસ્તીગીચતા એટલે શું ? તેને અસર કરતા પરિબળો જણાવો.

(2) સંસદની સત્તા અને કાર્યો જણાવો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી અને લાયકાત જણાવો.

(2) ગરીબીના કારણો - ટૂંકમાં સમજાવો.

(3) સાંસ્કૃતિક વારસાના જમીન માટેના ઉપાયો જણાવો.

**2. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના આશરે 100 શબ્દોમાં ઉત્તર આપો. (06)**

(1) પાઠ આયોજન અને એકમ આયોજનનો તફાવત આપો.

(2) જૂથ-ચર્ચા પદ્ધતિ સમજાવો.

(3) એકમ આયોજના ફાયદા જણાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) પ્રોજેક્ટ પદ્ધતિનો અર્થ આપી તેના સોપાનો જણાવો.

(2) નિર્દશન પદ્ધતિનો અર્થ આપી તેના ફાયદા-મર્યાદા જણાવો.

**3. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 750 શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) અનુબંધ એટલે શું ? સામાજિક વિજ્ઞાનનો ગણિત અને વિજ્ઞાન સાથેનો અનુબંધ ઉદાહરણ સહિત ચર્ચો.

(2) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં વર્તમાનપત્રની ઉપયોગીતા ચર્ચો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 125 શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) સામાજિક વિજ્ઞાન શિક્ષણ લાયકાત અને ગુણો જણાવો.

(2) "સમયરેખા"નો એક નમુનો તૈયાર કરો.

(3) સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં દશ્ય-શ્રાવ્ય સાધનોનું મહત્ત્વ જણાવો.

**4. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે 100 શબ્દોમાં આપો. (06)**

(1) સામાજિક વિજ્ઞાન મંડળ દ્વારા કરવામાં આપની પ્રવૃત્તિઓની યાદી આપો.

(2) માપન - મુલ્યાંકનનો અર્થ સ્પષ્ટ કરો.

(3) નિબંધ પ્રકારના પ્રશ્નોના ફાયદા-મર્યાદા ચર્ચો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં ઉત્તર આપો.** **(08)**

(1) સામાજિક વિજ્ઞાનના પાઠ્ય-પુસ્તકના મૂલ્યાંકન માટેના માપદંડો જણાવો.

(2) સામાજિક વિજ્ઞાન ખંડનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

**5. નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર આપો.** **(14)**

(1) આઝાદ હિંદ ફોજના નેતા કોણ હતા ?

(2) રાજ્યસભાની સભ્ય સંખ્યા કેટલી હોય છે ?

(3) G.D.P.નું પુરૂ નામ શું છે ?

(4) પ્રોજેકટની પસંદગી કોના દ્વારા થવી જોઈએ ?

(5) મૂલ્યાંકનના ત્રણ બિંદુ કયા છે ?

(6) અનુબંધના પ્રકારો જણાવો.

(7) કુદરતી પ્રદેશ પદ્ધતિ એટલે શું ?

(8) કોમ્પ્યુટર કયા પ્રકારનું શૈક્ષણિક સાધન છે ?

(9) ટપાલ ટિકિટનું મહત્ત્વ ચર્ચો.

(10) સામાજિક વિજ્ઞાનમાં ઉપયોગી બે મેગેઝીનના નામ આપો.

(11) આદર્શ નકશાના બે લક્ષણો જણાવો.

(12) વડાપ્રધાનની લાયકાત જણાવો.

(13) નિદાન કસોટી એટલે શું ?

(14) વસ્તુલક્ષી પ્રશ્નોના બે ફાયદા જણાવો.

★ ★ ★

# એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
## કોલેજ ઓફ ટીચર એજ્યુકેશન સી.ટી.ઈ.
## દ્વિતીય સત્ર પ્રિલિમિનરી પરીક્ષા - ૨૦૧૩-૧૪

**તા. 15-3-2014** | **પ્રશ્નપત્ર B-506** | **સમય : 9:00 થી 12.00 am**

**શનિવાર** | **ગણિત વિષયવસ્તુ અને પદ્ધતિ** | **કુલ ગુણ : 70**

**સૂચના :** (1) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(2) જમણી બાજુ દર્શાવેલા અંક પ્રશ્નોના કુલ ગુણ સૂચવે છે.

**1. (અ) નીચેનામાંથી ગમે તે એકનો ઉત્તર આપો. (10)**

(1) તળાવની સપાટીથી 60મી. ઊંચાઈ ધરાવતી એક ઈમારતની ટોચ પરથી આકાશમાં ઊડતી એક પતંગના ઉત્સેધકોણનું માપ 30 છે. અને તળાવમાં પડતાં તેના પ્રતિબિંબના અવસેધકોણનું માપ 60 છે. તો તળાવની સપાટીથી પતંગની ઊંચાઈ શોધો.

(2) પરિવર્તુળ અને પરિકેન્દ્રની વ્યાખ્યા આપો. સાબિત કરો કે વર્તુળના કેન્દ્રમાંથી પસાર થતી રેખા જો વર્તુળની જીવાને દુભાગે તો તે રેખા જીવાને લંબ છે.

**(બ) નીચેનામાંથી ગમે તે એકનો ઉત્તર આપો. (04)**

(1) જો ગોલકનું વક્રપૃષ્ઠફળ 1256 સે.મી.$^2$ હોય તો ગોલકનું ઘનફળ શોધો. ($\pi = 3.14$)

(2) ગણિતની પરીક્ષાના 100 વિદ્યાર્થીઓના ગુણનું વિતરણ નીચે મુજબ છે. માહિતીનો બહુલક શોધો.

| મેળવેલ ગુણ | 10-25 | 25-40 | 40-55 | 55-70 | 70-85 | 85-100 |
|---|---|---|---|---|---|---|
| વિ.ની સંખ્યા | 5 | 21 | 21 | 8 | 25 | 20 |

(3) જે ત્રિકોણની બાજુઓની લંબાઈ 6 સેમી, 8 સેમી અને 10 સેમી હોય તે ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો.

**2. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના આશરે <u>100</u> શબ્દોમાં ઉત્તર આપો. (06)**

(1) ''અસરકારક શિક્ષણએ એકમ આયોજન સાથે સંકળાયેલ છે.'' સમજાવો.

(2) ધો-10ના 'અંતર અને ઊંચાઈ' એકમ માટે ત્રણ આકૃતિજન્ય કલમની રચના કરો.

(3) ભૂલ પૃથક્કરણ ઉદાહરણ આપી સમજાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે <u>500</u> શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) નિદાનાત્મક કાર્ય એટલે શું ? તેની જરૂરિયાત જણાવી સોપાનો વર્ણવો.

(2) 'પ્રશ્નપત્રની રચના કરતાં પહેલાં બ્લ્યૂપ્રિન્ટ બનાવવી જરૂરી છે.' સમજાવો.

**3. (અ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે <u>750</u> શબ્દોમાં ઉત્તર આપો. (10)**

(1) ''શિક્ષકનો સાચો મિત્ર શૈક્ષણિક છે.'' તમારા મંતવ્યો રજૂ કરો. વર્ષ દરમ્યાન તમે બનાવેલ ઉત્તમ શૈ.સાધનની સમજણ આપો.

(2) ધોરણ-9માંથી ગમેતે એક એકમ પસંદ કરી પાંચ સ્લાઈડની રૂપરેખા આપો.

**(બ) નીચેના ત્રણમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે <u>125</u> શબ્દોમાં ઉત્તર આપો. (04)**

(1) પૃષ્ઠફળ, ક્ષેત્રફળ અને ઘનફળની સંકલ્પના કેવી રીતે સ્પષ્ટ કરશો ?

(2) પાઠ્યપુસ્તકના મૂલ્યાંકન માટેની કોઈ બે આંતરિક બાબતો ચર્ચો.

(3) ધોરણ-9ના પાઠ્યપુસ્તકની ગુણવત્તા સુધારણા માટે બે ઉપાયો સૂચવો.

**4. (અ) નીચેના ત્રણમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તર આશરે <u>100</u> શબ્દોમાં આપો. (06)**

(1) શું તમે પોતાને અસરકારક ગણિત શિક્ષક માનો છો ? શા માટે ?

(2) ગણિતનો ગણિતની વિવિધ શાળા સાથેના અનુબંધ વિશે ઉદાહરણ આપો.

(3) ગણિત મંડળમાં થઈ શકે તેવી પાંચ પ્રવૃત્તિ જણાવો.

**(બ) નીચેના બેમાંથી કોઈ પણ એક પ્રશ્નનો આશરે <u>500</u> શબ્દોમાં ઉત્તર આપો. (08)**

(1) ''ગણિત મંડળએ કોઈપણ શાળાનું અવિભાજ્ય અંગ છે.'' શા માટે ?

(2) અધ્યયન-અધ્યાપન સામગ્રી શિક્ષકને કઈ રીતે ઉપયોગી છે ? વર્ષભર તમે ઉપયોગમાં લીધેલી સામગ્રીનું વર્ણન કરો.

**5. નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર આપો. (14)**

(1) એક થાંભલાના પડછાયાની લંબાઈ, થાંભલાની લંબાઈ જેટલી થાય તો ત્યારે સૂર્યના ઉત્સેધકોણનું માપ શોધો.

(2) ત્રણ ભિન્ન અસમરેખ બિંદુમાંથી કેટલાં વર્તુળ પસાર થાય ?

(3) ચોરસ ABCDમાં AB = 7 સેમી તો તેના વિકર્ણની લંબાઈ શોધો.

(4) એકમ આયોજનમાં કઈ કઈ બાબતો એકબીજા સાથે સંબંધિત હોય છે ?

(5) ઉપાચારાત્મક કાર્ય એટલે શું ?

(6) વિદ્યાર્થી ભૂમિતિ શા માટે શીખે છે ?

(7) જીઓ બોર્ડનો ઉપયોગ કરી શકાય તેવા બે એકમ જણાવો.

(8) ચક્રિય ચતુષ્કોણના ચારેય ખૂણાના માપનો સરવાળો $360^o$ થાય સાબિત કરવા ઉપયોગમાં લઈ શકાય તેવા શૈ.સાધનની આકૃતિ દોરો.

(9) CAI અભિગમનો ઉપયોગ ક્યારે કરી શકાય ?

(10) પાઠ્યપુસ્તકના મૂલ્યાંકનમાં બાહ્ય પરિમાણો કયાં કયાં છે ?

(11) શિક્ષક હાથપોથી એટલે શું ?

(12) ગણિતનો વિજ્ઞાન અને ભૂગોળ બંને સાથેનો અનુબંધ દર્શાવતા બે ઉદાહરણ આપો.

(13) કોઈ એક ગણિત મેગેઝીનનું નામ જણાવો.

(14) કેવી પ્રવૃત્તિ ગણિતમંડળમાં ન કરાવવી જોઈએ ?

★ ★ ★